Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

March 2, 2024
Pg.1

### હસ્તકલા સેતુ એક્ઝિબિશનમાં 40 આર્ટિશનની પ્રોડક્ટ રજૂ કરાઈ

# પટોળાં, મલ કોટન સાડી સાથે પશ્મીના શાલ અને હેન્ડમેડ કાર્પેટ શૉ કેસ કરાયાં

**અમદાવાદ :** રાજપથ કલબ ખાતે હસ્તાકલા સેતુ યોજના એક્ઝિબિશનની શરુઆત થઈ છે. જેમાં કુલ 40 એક્ઝિબિટર્સે પોતાની પ્રોડક્ટ રજૂ કરી છે. 3 માર્ચ સુધી યોજાનાર આ એક્ઝિબિશનના પહેલા દિવસે B2B મીટઅપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક આર્ટિશને પોતાની બ્રાન્ડ રિપ્રેઝેન્ટ કરી હતી. આ સાથે મુંબઈ, સુરત, વડોદરા તેમજ ગાંધીનગરના અનેક ડિઝાઈનર્સ અને આંત્રપ્રિન્યોરે આ એક્ઝિબિશનમાં પાર્ટિસિપેટ કર્યું હતું. એક્ઝિબિશનમાં ગેસ્ટ તરીકે એક્ઝિક્યુટીવ ડિરેકટર ઈન્ડેક્સ સીના એન.ડી.પરમાર, EDIIનાં ડિરેક્ટર જનરલ સુનીલ શુક્લા તેમજ GCCIના પ્રેસિડેન્ટ અજય પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ એક્ઝિબિશનનું આયોજન સચિવ-કમિશનર કચેરી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી હસ્તકલા સેતુ યોજના તેમજ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વીંગ કમિટી તેમજ ઈન્ડેક્સ કમિટી દ્વારા કરાયું હતું.











- પટોળાની પ્રિન્ટમાંથી સાડી સહિત વિવિધ બટુવા, ડ્રેસ, સ્ટોલ સાથે પટોળા પ્રિન્ટના બીડ્સ ડિસપ્લે કરાયા
- કાશ્મીરના ફિદા હુસૈને કાશ્મીરી પસ્મીના શાલ, ડ્રેસ અને સ્ટોલ રજૂ કર્યા છ
- ન્યૂઝીલેન્ડના મટિરિયલમાંથી કાલુરામ મૌર્યએ ભાદોહી હેન્ડમેડ કારપેટ ક્લેકશન તેમજ હેન્ડલૂમ શૉ કેસ કર્યા
- સાથે જ વિવિધ મોટીફ વર્ક, હેન્ડ પેઈન્ટેડ તેમજ હેન્ડ વીવર સાડીની પણ રજૂઆત કરવામાં આવી છે. જેમાં સ્પેશિયલ કોટન અને મલ કોટન ફેબ્રિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.